**કલમ ૪(૧)(બી)(૧):–સંસ્થાનો પરીચય, કાર્યો અને ફરજો**

જાતિય રોગનાં નિદાન અને સારવાર અંગેનો "એસ.ટી.ડી. કેર પ્રોજેકટ" સુરત મહાનગરપાલિકાનાં આરોગ્ય કેન્દ્રો ઉપર સને ૨૦૦૦ નાં વર્ષથી ચાલે છે. આ પ્રોજેકટ ચાલુ કરવાનો મુખ્ય હેતુ સુરત શહેરમાં એચ.આઈ.વી./એઈડ્સ તથા જાતિય રોગોનાં કેસ અન્ય શહેર કરતા વધુ મળતા હોય તેને નિયંત્રણમાં કરવાનો હતો. હાલમાં ૬૦ હેલ્થ સેન્ટરો તથા મસ્કતિ હોસ્પિટલ ઉપર આ કામગીરી ચાલી રહેલ છે. જેમાં જાતિય રોગનાં દર્દીઓનું નિદાન, સારવાર તથા એચ.આઈ.વી./એઈડ્સનું કાઉન્સેલીંગ અને ટેસ્ટીંગની સેવા વિનાં મૂલ્યે આપવામાં આવે છે. આ ઉપરાંત તમામ સગર્ભા માતાઓનું એચ.આઈ.વી. કાઉન્સેલીંગ અને ટેસ્ટીંગ તથા જોખમી વર્તણુંક ધરાવતા જૂથ જેવા કે સેકસ વર્કર, એકલા રહેતા પર પ્રાંતિય પુરૂષો,ઈન્જેકશન મારફતે નશીલી દવાઓનું સેવન કરતા લોકો વગેરેનું એચ.આઈ.વી. કાઉન્સેલીંગ અને ટેસ્ટીંગ કરવામાં આવે છે.આ ઉપરાંત આ પ્રોજેકટ હેઠળ લોકોમાં એચ.આઈ.વી./એઈડ્સસંદર્ભે જનજાગૃતિ આવે તે હેતુસર વ્યકિતગત જાણકારી, આરોગ્ય મેળામાં સ્ટોલ ધ્વારા પ્રચાર, વિશ્વ એઈડ્સ દિન નિમિતે રેલી, માનવસાંકળ, સમુહમાં મીણબત્તી પ્રાગટય, આંતર કોલેજ નિબંધસ્પર્ધા તથા વકતૃત્વ સ્પર્ધા વિગેરે કાર્યક્રમો કરવામાં આવે છે. આમ,હાલ તમામ નવ ઝોનમાં કુલ પર શહેરી આરોગ્ય કેન્દ્રોમાં તથા મસ્કતિ હોસ્પિટલ ઉપરઆ સેવા કાર્યરત છે,જેની વિગત સંખ્યા નીચે મુજબ છે.

| અનું.નં. | ઝોન | કેન્દ્રોની સંખ્યા | શહેરી આરોગ્યકેન્દ્રોની યાદી |
|---|---|---|---|
| ૧ | સેન્ટ્રલ ઝોન | ૧૦ | અસારાવાલા, લખપતિ, ડી.કે.એમ., કડીવાલા, ક્ષેત્રપાળ, સોની ફળીયા, વરીયાવી બજાર, બી.પી.ડીસ્પેન્સરી, મહીધરપુરા, મસ્કતિ હોસ્પીટલ |
| ૨ | કતારગામ ઝોન | ૫ | કતારગામ, સિંગણપોર, વેડરોડ, છાપરાભાઠા, કોસાડ, |
| ૩ | લિંબાયત ઝોન | ૯ | લિંબાયત, આંજણા, નવાનગર, ડીંડોલી, નવાગામ, ગોડાદરા, ઉમરવાડા, પરવત પાટીયા, ભાઠેના |
| ૪ | રાંદેર ઝોન | ૬ | રાંદેર, અડાજણ, પાલનપુર પાટીયા, પાલ, વરીયાવ, ઈચ્છાપોર |
| ૫ | ઉધના ઝોન–એ | ૭ | ઉધના, પાંડેસરા, વડોદ, ઉન, ભેસ્તાન, વિજયાનગર, બમરોલી |
| ૬ | ઉધના ઝોન–બી | ૫ | ઉનગામ, કનકપુર, *કનસાડ, પારડી, *તલંગપુર |
| ૭ | વરાછા ઝોન–એ | ૭ | વરાછા, કરંજ, ફુલપાડા, હિરાબાગ, પૂણાગામ, મગોબ, સણીયા–હેમાદ |
| ૮ | વરાછા ઝોન–બી | ૭ | સરથાણા–સીમાડા, પૂણા સિમાડા, ઉત્રાણ, નાના વરાછા, મોટા વરાછા, કઠોદરા, *વેલંજા, *વાલક, |
| ૯ | અઠવા ઝોન | ૫ | અલથાણ, પનાસ, ઉમરા, ડુમસ, વેસુ |
| | **કુલ** | **૬૧** | |

* વાલક, વેલંજા, કનસાડ, અને તલંગપુરખાતે હાલકામગીરી શરૂ થયેલનથી.

- **<u>આ પ્રોજેકટ હેઠળઆપવામાં આવતી સેવાઓ.</u>**

  1. ગુપ્તરોગનું નિદાન અને સારવાર
  2. એચ. આઈ. વી. ની તપાસ અને સંપરામર્શ
  3. નિરોધનું નિર્દશન અને વિતરણ
  4. રેફરલ સર્વિસ
  5. આરોગ્ય શિક્ષણ

- **<u>આ સેવા આપવા માટે નકકી કરેલ લાભાર્થીઓ</u>**

  1. ગુપ્તરોગનાં દર્દીઓ
  2. સગર્ભા માતાઓ
  3. ટી.બી.નાં શંકાસ્પદ દર્દીઓ
  4. એચ. આઈ. વી./એઈડ્સ અટકાયત સંસ્થા સાથે જોડાયેલ જોખમી વર્તન ધરાવતા લક્ષિતજૂથનાં લાભાર્થીઓ
  5. ઓ.પી.ડી.માં આવતા દર્દીઓની વોલીયંટરી તપાસ

- **<u>આ પ્રોજેકટના હેતુઓઃ–</u>**

  1. ગુપ્તરોગ તથા એચ. આઈ. વી./ એઈડ્સ અટકાયત
  2. નિરોધનું નિર્દશન અને વિતરણ
  3. રેફરલ સર્વિસ તથા આરોગ્ય શિક્ષણ

- આ પ્રોજેકટ અંર્તગત યોજનાકીય સેવાઓ આપવા માટે સુરત મહાનગરપાલિકા ધ્વારા તમામ શહેરી આરોગ્ય કેન્દ્રોમાં કાઉન્સેલરની નિમંણૂક કરવામાં આવેલ છે.
- આ પ્રોજેકટ હેઠળ સગર્ભા માતાઓની તપાસ, ગુપ્તરોગનાં દર્દીઓની ઓળખ અને સારવાર તથા ટી.બી.નાં શંકાસ્પદ દર્દીઓની તપાસમાટે દર વર્ષે લક્ષ્યાંક ફાળવવામાં આવે છે.
- આ પ્રોજેકટના અમલીકરણ માટે સુરત મહાનગરપાલિકા તરફથી ૧૦૦ % ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.
- આ પ્રોજેકટના અમલીકરણ માટે એચ. આઈ. વી. કીટ, આર.પી.આર. કીટ તથા ગુપ્તરોગનાં દર્દીઓ માટે કલર કોટેડ દવાઓનો સ્ટોક જીસેકસ અમદાવાદ ધ્વારા પૂરો પાડવામાં આવે છે.
- આ પ્રોજેકટના સંકલન અને અમલીકરણ માટે જીસેકસ અમદાવાદ ધ્વારા સુરત જીલ્લા પંચાયતનાં DAPCU વિભાગને નિમવામાં આવેલ છે.